

રાવસાહેબ જે. સી. મુનશી પ્રાથમિક શાળામાં કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના સહયોગથી ‘કિડ્સ બેન્ક’નો વિશિષ્ટ પ્રયોગ સફળતાપૂર્વક કરાયો હતો. (તસવીર : મીતેશ બંગડીવાલા)

## કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના સહયોગથી

# જે. સી. મુનશી પ્રાથમિક શાળામાં ‘કિડ્સ બેન્ક’નો વિશિષ્ટ પ્રયોગ

**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૨**

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત રાવસાહેબ જે. સી. મુનશી પ્રાથમિક શાળામાં વર્ષ ૨૦૨૩ના જુલાઇ માસમાં ‘કિડ્સ બેન્ક’ની શરૂઆત કરવામાં આવી હતી. આ ‘કિડ્સ બેન્ક’નું આયોજન કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના પ્રતિનિધિ આશિયાબેન જનાબ તથા શાળાના આચાર્યા નિશિતાબેન દલાલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષક અજયભાઇ આહીર દ્વારા કરવામાં આવ્યું હતું.

બેંકના મેનેજર તરીકે ધોરણ - ૮ના વિદ્યાર્થી શેખ સોહેલ, કેશિયર તરીકે ધોરણ - ૭ની વિદ્યાર્થીની શેખ અફિફા, ક્લાર્ક તરીકે ધોરણ - ૭ની વિદ્યાર્થીની જરીવાલા જીયા તેમજ ધોરણ - ૬ના વિદ્યાર્થી પઠાણ નાવિદે કામગીરી કરી હતી. શાળાના ધોરણ ૧થી ૮ના કુલ ૮૧ બાળકોએ કિડ્સ બેન્કમાં ખાતું ખોલાવી રૂપિયા જમા કરાવ્યા હતા. કિડ્સ બેન્કમાં કાર્ય કરનાર દરેક વિદ્યાર્થીઓને તથા સૌથી વધારે પૈસા જમા કરનાર વિદ્યાર્થીઓને કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દરેક બાળકો બચતનું મહત્વ સમજે અને ભવિષ્યમાં બચત કરતા થાય તે હેતુથી કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા આ પહેલ કરવામાં આવી છે.